


## સલામી સવારની..

*સારું થયું મળ્યું 'એક્ષટેન્સન' મોટી વાત થઈ!*
*અને આપણાં આ બેન માથેથી મોટી ઘાત ગઈ!*
*માત થઈ જાય હવે પાટીદાર તો ભયો ભયો!*
*'પડતા મૂકશે' બીકે દોડે ઘેટાં, - નિશાંત થઈ!*

હાઈકુ

*સાડા સાતની!*
*લ્યો! શનિ-મંદિરે જ*
*બેઠી પનોતી...*
*(પ્રવેશ સમસ્યા)*

*માગે હિસાબ!*
*કરાવે ઉજાગરા -*
*સપનાં મોંઘાં...*
*(મંત્રીઓનો ઉધડો)*

## ચિંતન

**અપુત્રસ્ય ગૃહં શૂન્યં દિશઃ શૂન્યાસ્ત બાંધવાઃ ।**
**મૂર્ખસ્ય હૃદયં શૂન્યં સર્વશૂન્યા દરિદ્રતા ॥**

ચાણક્યનીતિશાસ્ત્ર નો આ શ્લોક છે :

જે ઘરમાં સંતાન નથી. બાળકો વિહોણું છે (અપુત્ર) એ જમાનાનું સાર લખાયું હશે!) એવું ઘર સંતાન વિના ખાલી ખાલી લાગે છે. સૂનકાર દેખાય છે શૂન્ય છે.

જે ઘરમાં 'ભાઈઓ' નથી અર્થાત વડીલ ભાઈઓ-બહેનો વિનાનો એકલો છે એ સ્વભાવે એકલપેટો-સ્વાર્થી થઈ જાય છે તે ઘર પર સૂનકાર જેવું લાગે છે.

મૂર્ખ માણસથી સૌ કોઈ સગાં-સંબંધી-મિત્રો દૂર રહે છે તેની સાથે કોઈ ખાસ સંબંધ આવન-જાવનનો વ્યવહાર પણ રાખતા નથી. આવું ઘર શૂન્ય-સૂનકાર લાગે છે.

પરંતુ, જે ગરીબ અને દરિદ્રી છે તેની સાથે પણ ઓછા લોકો વ્યવહાર રાખે છે તેથી પરિણામ ગરીબનું ઘર પણ શૂનકાર લાગે છે.

## સુવિચાર

- જીવનયાત્રા કેટલી લાંબી રહી એ નહીં, પણ કેટલી પ્રસન્નતા યુક્ત રહી એ મહત્વનું છે - **રજનીશ**
- સજ્જન અને દુર્જન બંને અંધ છે, સજ્જન એની સજ્જનતાથી, જ્યારે દુર્જન એની દુર્જનતાથી અંધ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ફક્ત ભલાઈ રહી જાય છે, બાકી બધી વસ્તુઓ નાશ પામે છે - **જાપાની કહેવત**
- 'આળસ' એ શરીરને અને મનને મળેલો શાપ છે, તે સર્વ પ્રકારના દુરાચારોની જનેતા છે - **વજુ કોટક**
- સાચો વિજય એમાં છે કે સૌ સમાન પણે વિજય બને અને પરાજિત કોઈ નહીં - **બુદ્ધ**
- દયાથી ભરપૂર દિલ એ સૌથી મોટી દોલત છે, કારણ કે દુન્યવી દોલત તો નીચ માણસ પાસે પણ હોય છે - **સંત તિરુવલ્લુવર**
- **આજનું ઔષધ :** મંદાગ્નિમાં સૂંઠ મરી પિપર તુલસીનો ઉકાળો બનાવીને પીવાથી રાહત થાયે છે, ભૂખ લાગે છે.

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

કડક-કચકચ કરતી સાસુ, ક્રોધી શિક્ષક, પિતા-માકા કે કડક શિસ્તમાં માનતા અમલદાર પોતાના બાળક-પુત્રવધુ-કર્મચારી પાસેથી કામ તો લઈ શકે પણ તેમનું હૃદય જીતી તેમનો પ્રેમ નથી મેળવી શકતાં... અંતે એળાં લોકોને એકલતાના કૂવામાં જ ડૂબી જવું પડે છે.

મિલિટરીનો એક કેપ્ટન ખૂબ કડક સ્વભાવનો હતો. સૈનિકોને કાયમની સૂચના હતી. તમને હું ગમે ત્યાં - ગમે ત્યારે પણ દેખાઈ જાઉં ત્યારે, ઉભા રહી, સાવધાન થઈ, મને સલામ કરવી. નહીં તો સજા કરીશ...

કેપ્ટન એકવાર કાંઠા વિનાના કૂવામાં પડી ગયા. બૂમો પાડી. ત્રણ-ચાર સૈનિકોએ દોરડું લાવી તેમને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો. અર્ધા બહાર આવેલા કેપ્ટને ઝીણી આંખ કરી જોવાનો પ્રયત્ન કર્યો કે મને કોણ બહાર કાઢે છે. પરંતુ સૈનિકો ગભરાઈ ગયા એ કંઈક જુદું જ સમજ્યા. ત્રણે જણાએ દોરડું છોડી - સાવધાન થઈ 'સેલ્યુટ' કરી.

... અને કેપ્ટન પાછાં કૂવામાં...

# અરૂણાચલમાં રાષ્ટ્રપતિ શાસન

## તંત્રીસ્થાનેથી....

પ્રજાસત્તાક પર્વના દિવસે જ પૂર્વોત્તર રાજ્ય અરૂણાચલ પ્રદેશમાં કોંગ્રેસની ચૂંટાયેલી સરકારને બરખાસ્ત કરી રાષ્ટ્રપતિ શાસન લાદી દેવાનો નિર્ણય લેતી વખતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને જરુરી પીડા તો થઈ જ હશે. પરંતુ બંધારણીય સમીકરણોથી મજબૂર થઈને કેન્દ્ર સરકારની ભલામણ સ્વીકારવી પડી છે. અરૂણાચલ પ્રદેશ દેશનું અગત્યનું અત્યંત સંવેદનશીલ રાજ્ય છે. ચીન એને પોતાનો પ્રદેશ માનતું રહ્યું છે, જયારે પ્રજા ભારત સાથે અવિનાભાવે જોડાયેલી છે. આવા સરહદી રાજયમાં પક્ષીય રાજકારણ કરતાં રાષ્ટ્રકારણ સવિશેષ મજબૂત બને એની ચિંતા કરવાને બદલે શાસક કોંગ્રેસ પક્ષના એકવીસ જેટલા બળવાખોર ધારાસભ્યોએ અગિયાર ભાજપી ધારાસભ્યો અને બે અપક્ષો સાથે મળી મુખ્યમંત્રી નબામ તુકી સામે બળવો પોકારતાં પરિસ્થિતિ વણસી ગઈ હતી. મોદી સરકાર માટે પૂર્વોત્તરમાં યેનકેન પ્રકારે ભાજપને મજબૂત બનાવવું એ ટોપ પ્રાયોરિટીવાળી રાજનીતિ છે. તેથી તેઓ અવારનવાર આ પ્રદેશોની મુલાકાતે જઈ પોતાની સહાનુભૂતિ દર્શાવતા રહ્યા છે. સામાન્ય સંજોગોમાં અહીં 'હિંદુત્વ' ના સિદ્ધાંતો પર આગળ વધવાનું શક્ય નથી. પ્રજા ગૌમાંસ ભક્ષણ કરે છે. મોટા ભાગના લોકો ખ્રિસ્તી અથવા બૌદ્ધ ધર્મ પાળે છે. ચીન એમને સ્ટેપલ વિઝા આપી પોતાની પડખે લેવાના કારસા કરતું રહ્યું છે. આવા છેવાટાના રાજયમાં રાજકીય અસ્થિરતા ચલાવી લઈ શકાય નહીં. પરંતુ કોંગ્રેસનો આક્ષેપ છે કે આ અસ્થિરતા ખુદ વડાપ્રધાનના ઈશારે સરજાઈ છે. કોંગ્રેસના ધારાસભ્યોને લાલચ આપીને ફોડવાના પ્રયાસો થયા છે અને એમણે ભાજપ તથા અપક્ષોના ટેકાથી કોંગ્રેસી સ્પીકરને હટાવી દીધા છે. આ બધા કાર્યકલાપમાં કેન્દ્ર દ્વારા નવનિયુક્ત રાજયપાલ જયોતિપ્રસાદ રાજખોવાની સક્રિય ભૂમિકા સામે કોંગ્રેસે છેવટે સુપ્રીમ કોર્ટમાં ધા નાખી છે. રાજયપાલ કેન્દ્રના ઈશારે પક્ષીય ભાવનાથી વર્તી રહ્યા હોવાનાં કોંગ્રેસના આક્ષેપમાં તથ્ય પણ લાગે છે. સુપ્રીમ કોર્ટે કોંગ્રેસની ફરિયાદને વજૂદવાળી ગણીને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે અને રાજયપાલને કેવા સંજોગોમાં રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરવી પડી, તેનો વીગતવાર અહેવાલ પણ માગ્યો છે. બંધારણ મુજબ જયારે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે રાજયની ચૂંટાયેલી સરકાર બહુમતી ધરાવતી નથી ત્યારે તેઓ સરકારને બરખાસ્ત કરી શકે છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ અરૂણાચલ સરકારને બરખાસ્ત કરતાં પૂર્વે ગૃહમંત્રી રાજનાથસિંહ સાથે ચર્ચાવિચારણા કરી હોવાના સમાચાર છે. સુપ્રીમ કોર્ટે તો બંધારણ મુજબ કાર્યવાહી થઈ છે કે નહીં, એટલું જ જોવાની છે. કેન્દ્ર સરકારે અરૂણાચલની કોંગ્રેસ સરકારને બરતરફ કરવાની ભલામણ કરતાં પહેલાં બંધારણીય જોગવાઈઓ મુજબ બધું જ બરાબર ગોઠવી દીધું હોય તે સ્વાભાવિક છે. રાષ્ટ્રપતિએ પણ રાષ્ટ્રપતિ શાસનની મંજૂરી આપતાં પહેલાં બંધારણવિદોની સલાહ લીધી જ હોય. પરંતુ બધું જ નિયમાનુસાર થયું હોય છતાં આ પ્રકારની તોડફોડની રાજનીતિને પ્રોત્સાહન આપવાનું વલણ દેશહિતમાં ન ગણાય, તે સમજી શકાય એમ છે. સુપ્રીમ કોર્ટ આ મુદ્દે કેવું વલણ દર્શાવે છે અને કેવાં નિરીક્ષણો રજૂ કરે છે તે જોવું રસપ્રદ બની રહેશે. ઉઠાડી મુકાયેલા કોંગ્રેસી મુખ્યમંત્રી નબામ તુકીને કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરી બચાવી શકવાની નથી, પરંતુ આ પ્રકારના ઊથલધડાથી મોદી સરકારની છાપ પણ ખરડાશે એમાં શંકાને સ્થાન નથી.

# આઈ.જી.ઈ (I.G.E) એટલે શું?




ભરતભાઈ ને એવી ટેવ કે અમુક રસ્તા ઉપરથી ક્યારેય પસાર નહોતા થતા. રાકેશે સવાલ કર્યો અલ્યા ભરત તુ અમુક રસ્તા પરથી પસાર કેમ નથી થતો અને અમુક રસ્તા ઉપર રૂમાલ બાંધીને જાય છે તો તેનું કારણ શું છે? કઈ બીક લાગે છે? ભૂત/પ્રેત દેખાય છે? કોઈ ચુડેલ દેખાય છે? કે પછી કોઈ માથા વગર નો માનવી ફરતો દેખાય છે? આપણા ગામ માં એવું કઈ છે જ નહિ. ગાંધીનગર એ તો લીલુછમ પ્રદુષણ રહિત સુંદર ભરતભાઈ ને એવી ટેવ કે અમુક રસ્તા ઉપરથી ક્યારેય પસાર નહોતા થતા. રાકેશે સવાલ કર્યો અલ્યા ભરત તુ અમુક રસ્તા પરથી પસાર કેમ નથી થતો અને અમુક રસ્તા ઉપર રૂમાલ બાંધીને જાય છે તો તેનું કારણ શું છે? કઈ બીક લાગે છે? ભૂત/પ્રેત દેખાય છે? કોઈ ચુડેલ દેખાય છે? કે પછી કોઈ માથા વગરનો માનવી ફરતો દેખાય છે? આપણા ગામ માં એવું કઈ છે જ નહિ. ગાંધીનગર એ તો લીલુછમ પ્રદુષણ રહિત સુંદર વૃક્ષ અને બગીચા થી શણગારેલું દુનિયા મા સારા મા સારું શહેર છે. ભરત આંખો ભળી ને બોલ્યો - હું કોઈના થી બીતો નથી. આ તો તકલીફ છે. ગાંધીનગરના અમુક રસ્તા પરથી પસાર થતા મને છીંકો આવે છે અને નાક માંથી પાણી પડવા લાગે છે. હું તો થાકી ગયો કેટ-કેટલી દવાઓ કરાવી, હોમીયોપેથીક,આયુર્વેદિક અને એલોપેથિક. બધી પોથીઓ હું ખાઈ ગયો છું છતા પણ મારું નાક અને છીંકો એ પોથીઓ ને ગાંઠતી નથી.

સરલાબેન ને એવીજ તકલીફ કે અમુક પ્રકાર ના ખોરાક ખાવાથી શરીર પર લાલ ચાઠા થઈ જાય છે. એમને પણ એમજ કહ્યું અલ્યા લક્ષ્મણભાઈ આની કોઈ દવા બતાવોને. અમુક પ્રકાર નો ખોરાક ખાવાથી મને શરીર પર લાલ ચાઠા અને બળતરા થાય છે.

હુસેનભાઈ ખુબ અકળાયા હતા. હુસેનભાઈ એ કહ્યું મારે હવે જીવવું નથી. જયારે હું નોન-વેજ ખાવ છુ ત્યારે ખાવાની ખુબ મઝા આવે છે. બજાર માથી સારા મા સારુ અને તાજું ચિકન લાવુ છુ. ઘર મા જાતે પાણીમા ખૂબ ઉકાળી બેક્ટેરિયા રહિત કરીને અચ્છે સે તેલ મે અચ્છી ગ્રેવી બનાકર બહોત પ્રેમ સે ખાતા થા લેકીન અબ ચિકન કો દેખતા હુ ઔર અપને આપકો ગાલી દેતા હુ. ખુદાને ક્યાં શરીર બનાયા ચિકન ખાનેકા મજાહી કિરકિરા કર દિયા. ખાતેહી પૂરે શરીર મેં ખુજલી આતી હૈ. હે અલ્લાહ મુજે બચાવો.

રમણભાઈ એ કહ્યું મારી તો વાત જ જુદી છે. મને ચણા ના લોટ ના મરચા ના ભજીયા ખૂબ ભાવે છે. કોઈ ભજીયા ની વાત કરે અથવા તો ક્યાયથી ભજીયા બનવાની સુંગધ આવે તો મારા મોંમાથી લાળ પડવા લાગે પણ ભૂલે થી હુ ખાવ તો આખું શરીર લાલ થઈ જાય છે.

સોનલબેન વળી જૂદી વાત કરે છે અરે એક વખત મને તાવ આવ્યો અને પીળા કલરની ગોળી મે ખાધી તો મારા હોઠ પર સોજો આવી ગયો.

પીયુષભાઈ બોલ્યા અરે મે એક વાર ભુલથી ૧૨૦ તમાકુ વાળો પાન ખાઈ લીધો. અને પછી મારી હાલત થઈ છે અશોકભાઈ કે હું ચક્કર ખાઈ ને નીચે પડી ગયો અને ઉલટીઓ થવા લાગી. મારા તો ગાભા નીકળી ગયા. અશોકભાઈએ કહ્યું અલ્યા ડફોળ તમાકુ જે ના ખાતા હોય અને એ તમાકુ ખાય તો બધાને તારા જેવું થાય આને આડ-અસર ના કહેવાય સીધી-અસર કહેવાય.

ચાલો ભાઈ હવે મઝાની વાતો કરી લીધી. હવે લાઈન પર આવીએ. ઉપરના બધા કેસમા બધાને કોઈ પણ પદાર્થથી અથવા સુગંધ થી એલર્જી છે. એલર્જી એટલે શુ? અમુક પ્રકારના ખોરાક, હવા-પાણી લેવાથી તમારા શરીર મા અમુક પ્રકારનું રીએક્શન આવે છે જે થોડાક સમય માટેજ હોય છે.

હસમુખભાઈને આંગળીઓમા છાલા પડી જતા. તેમને ચામડી ના ડોક્ટર ને બતાવ્યું. લેબોરેટરી મા ટેસ્ટ કરાવ્યા, દવાઓ બહુ લીધી છતા પણ કઈ કારણ ના મળ્યું. હસમુખભાઈ ખૂબ દુ:ખી હતા. આખરે હસમુખભાઈએ શોધી કાઢ્યું કે એમની પોતાની ગાડી મા સ્ટેરીંગ પર ચામડા નુ કવર લગાડેલુ હતુ તે કવર કાઢી નાખવાથી એમના હાથ ઉપર ના છાલા મટી ગયા.

ભારત દેશ ધૂળીઓ દેશ છે. જયાં જુઓ ત્યાં ધૂળની ડસ્ટ તો હોય જ. કહેવાય છે ને જયાં ના પહોંચે રવી ત્યાં પહોંચે કવિ અને જયાં ના પહોંચે કવિ ત્યાં પહોંચે ડસ્ટ ૧૦૦ માથી ૮૦ જણા ને ડસ્ટ ની એલર્જી હોય છે. આ એલર્જી છે કે કેમ એ ખબર કેવી રીતે પડે? આનો રસ્તો છે કઈ ? હા. હવે મેડીકલ સાયન્સ મા આ શક્ય છે. હવે લેબોરેટરીમા IgE(Immunoglobulin E - Antibody). IgE Antibody ફેફસા,ચામડી, મ્યુકોસ મેમ્બ્રેનન મા હોય છે. જેમા કોઈ બહારથી થી allergen આવે ત્યારે એનાથી રીએક્સન થઈ ને આંખ, નાક, જીભ, ગળુ, ફેફસા અને આતરડા પર એનુ રીએક્સન જુદા-જુદા માણસો મા જુદુ-જુદુ આવે છે. મતલબ કહેવાનો અર્થ એટલો થાય

અનુસંધાન પાના નં. ૭ પર

# સેન્ટ હેલીનાની જેલમાં કેદી તરીકે કોને રાખવામાં આવ્યા હતા?




## વિશ્વનો ઈતિહાસ

(૧) બાઈબલનો વર્નાક્યુલર અંગ્રેજીમાં સૌ પ્રથમ અનુવાદ કોણે કર્યો હતો?
(અ) જહોન વિકલીફ (બ) મેકયાવલી
(ક) માઈકલ એન્જલો (ડ) માર્ટીન લ્યૂથર કિંગ

(૨) ફ્રાન્સની ક્રાંતિમાં નીચેનામાંથી કયા વિચારકનો ફાળો ન હતો?
(અ) વોલ્તેર (બ) મોન્તેસ્ક
(ક) રૂસો (ડ) રાફેલ

(૩) 'નેપોલિયન' કયા નામથી જાણીતા હતા?
(અ) લિટર બોય (બ) લિટર કોર્પોરલ
(ક) લિટર કેપ્ટન (ડ) લિટર ફાયટર

(૪) સેન્ટ હેલીનાની જેલમાં કેદી તરીકે કોને રાખવામાં આવ્યા હતા?
(અ) વોલ્તેરને (બ) નેપોલિયનને
(ક) જોસેફ મેઝીની (ડ) કાર્લ માર્ક્સ

(૫) 'કોમ્પ્યુનિસ્ટ મેનીફેસ્ટો' અને 'દાસ કેપિટસ' પુસ્તકના લેખક કોણ છે?
(અ) રોબર્ટ ઓવન (બ) ઝાર
(ક) કાર્લ માર્કસ (ડ) બિસ્માર્ક

(૬) ૭ નવેમ્બર ૧૯૧૭ના રોજ થયેલ બોલ્સેવિક ક્રાંતિનો નેતા કોણ હતો?
(અ) લેનિન (બ) ટ્રોટસ્કી
(ક) ઝાર નિકોલસ (ડ) રોબર્ટ ઓવન

(૭) ઈટલીના એકીકરણના જનક તરીકે કોણ ઓળખાય છે?
(અ) ગેરિબાલ્ડી (બ) જોસેફ મેઝિની
(ક) બિસ્માર્ક (ડ) કાર્લ માર્ક્સ

(૮) રાણી એલીઝાબેથ પ્રથમ ઈંગ્લેન્ડની ગાદી પર કયારે આવી?
(અ) ઈ.સ.૧૫૦૦ (બ) ઈ.સ. ૧૫૫૮
(ક) ઈ.સ. ૧૫૭૦ (ડ) ઈ.સ. ૧૬૦૦

(૯) સો વર્ષીય યુદ્ધો કયા દેશો વચ્ચે થયાં હતાં?
(અ) ઈંગ્લેન્ડ જર્મની (બ) જર્મની-ફ્રાન્સ
(ક) ઈંગ્લેન્ડ-ફ્રાન્સ (ડ) ફ્રાન્સ ઈટલી

(૧૦) ઈટાલીમાં ફાંસીવાદના જન્મદાતા તરીકે કોણ ઓળખાય છે?
(અ) મુસોલીન (બ) લેનીન
(ક) હિટલર (ડ) નેપોલિયન

(૧૧) ઈટલીમાં ફાંસીવાદનો અંત કયારે આવ્યો?
(અ) ૭ ઓગસ્ટ, ૧૯૪૫ (બ) ૨૮ એપ્રિલ ૧૯૪૫
(ક) ૨૮ જુલાઈ ૧૯૧૪ (ડ) ૧૧ નવેમ્બર ૧૯૧૮

(૧૨) 'મારો સંઘર્ષ' એ કોની આત્મકથા છે?
(અ) હિટલરની (બ) નેપોલિયનની
(ક) મુસોલીનની (ડ) વુડરો વિલ્સનની

(૧૩) પ્રથમ વિશ્વયુદ્ધમાં ધરી રાષ્ટ્રોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થયો ન હતો?
(અ) હંગેરી (બ) જર્મની
(ક) ઈટાલી (ડ) બોસ્નીયા

(૧૪) ઓસ્ટ્રિયાના રાજકુમાર ફ્રાન્સિસ ફર્ડિનાન્ડની હત્યા કયાં દેશમાં થઈ હતી?
(અ) ઈટલીમાં (બ) ફ્રાન્સમાં
(ક) બોસ્નીયામાં (ડ) જર્મનીમાં

(૧૫) ૨૮ જૂન ૧૯૧૯ના રોજ વર્સેલ્સની સંધિ કોની સાથે થઈ હતી?
(અ) જર્મની સાથે (બ) ફ્રાંસ સાથે
(ક) ઈટાલી સાથે (ડ) ઈંગ્લેન્ડ સાથે

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૯ જાન્યુઆરી ૧૯૨૬ અબ્લુસ સલામ : પાકિસ્તાની-બ્રિટીશ ન્યુકલીઅર વૈજ્ઞાનિક, ૧૯૭૯માં નોબેલ પ્રાઈઝ વિજેતા
- ૨૯ જાન્યુઆરી ૧૯૦૮ પિયારો લિયોનાર્દી : ઈટાલીયન જીઓલોજીસ્ટ, પેલેન્ટોલોજી અને સ્ટ્રેટીયોગ્રાફીમાં સંશોધન કરનાર
- ૩૦ જાન્યુઆરી ૧૮૯૯ મેક્સ થેઈલર : અમેરીકન માઈક્રોબાયોલોજીસ્ટ, 'યેલો ફિવર' ની શોધ બદલ ૧૯૫૧માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ૩૦ જાન્યુઆરી ૧૮૧૫ સર વિલીયમ જેનર : ઈંગ્લીશ ફિઝીશીયન, થાઈક્સ અને થાઈરોઈડ પર સંશોધન કરનાર વૃક્ષ
- ૩૧ જાન્યુઆરી ૧૮૮૧ ઈર્વીન લન્ગમુઈર : અમેરીકન ભૌતિક રસાયણશાસ્ત્રી, કોલોઈડ અને બાયોકેમીસ્ટ્રી પર સંશોધન કરનાર, ૧૯૩૨માં નોબેલ પ્રાઈઝ વિજેતા
- ૩૧ જાન્યુઆરી ૧૮૮૧ જોસેફ ઓગસ્ટીન કસમાન : અમેરીકન પેલેટોલોજીસ્ટ અને જીઓલોજીસ્ટ, તેમણે કરેલ સંશોધન 'ફોર્મીનીફેરા' નામે જાણીતા છે.
- ૧ ફેબ્રુઆરી ૧૮૯૬ એલ્ફોન્સો કાસો એન્ડ્રેડ : મેક્સિકન આર્કીયોલોજીસ્ટ, ઓકસેકન કલ્ચર પર સંશોધન કરનાર
- ૧ ફેબ્રુઆરી ૧૮૮૯ ગેટ્યુટ કેટોન થોમ્પસન : ઈંગ્લીશ આર્કીયોલોજીસ્ટ, ૫૦૦૦ વર્ષ પહેલાંના ઈજીપ્ત પર સંશોધન કરનાર
- ૨ ફેબ્રુઆરી ૧૮૫૯ હેવલોક એલીસ : ઈંગ્લીશ ફિઝીશીયન, લીંગ જાતીયતા પર સંશોધન અને લેખન કરનાર
- ૨ ફેબ્રુઆરી ૧૮૪૧ ફ્રાન્કોસીસ એલ્ફોનસ ફોરેલ : સ્વીઝ ફીજીશીયન, લીમનોલોજીના સ્થાપક
- ૩ ફેબ્રુઆરી ૧૯૦૬ જયોર્જ એડમ્સન : બ્રિટીશ પર્યાવરણ સંરક્ષક, આફ્રિકન વાઈલ્ડ લાઈફને બચાવવાની શરુઆત કરનાર
- ૩ ફેબ્રુઆરી ૧૮૯૦ પૌલ સ્કીરર : સ્વિઝ ભૌતિકશાસ્ત્રી, એક્સરે ડીફ્રેકશન એનાલીસસ પદ્ધતિ આપનાર
- ૪ ફેબ્રુઆરી ૧૯૦૬ કલાઈડ થૌમ્બગ : અમેરીકન એસ્ટ્રોનોમર, પ્લુટો ગ્રહની શોધ કરનાર
- ૪ ફેબ્રુઆરી ૧૯૦૨ ચાર્લ્સ-એ-લિન્ડબર્ગ : અમેરીકન એવીયેટર પ્રથમ નોનસ્ટોપ સોલો ફલાઈટ બનાવનાર, ૧૯૨૭માં એટલાન્ટીક દરિયો પાર કર્યો હતો.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : દલિત યુવાન રોહિત વેમૂલાની આત્મહત્યાના પગલે ભાજપના કયા નેતા સામે કેસ દાખલ થયો છે? જવાબ : બંદારુ દત્તાત્રેય (એમ.પી.)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) મહેશભાઈ એમ. જાદવ : સે-૩૦ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) આકાશભાઈ જી. પટેલ : સે-૨૩ (૬) ધાર્મિક શૈલેષભાઈ પટેલ : ગાયત્રી રેસીડેન્સી, ધોળેશ્વર મહાદેવ પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)


**તાજેતરમાં મહારાષ્ટ્રના કયા મંદિરમાં મહિલાઓએ પૂજા ન કરવા દેવા બાબતે મહિલાઓ આંદોલન કરી રહી છે.**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ડ (૩) બ (૪) બ (૫) ક (૬) અ (૭) બ (૮) બ (૯) ક (૧૦) અ (૧૧) બ (૧૨) અ (૧૩) ડ (૧૪) ક (૧૫) અ

# પાર્થનું શિવસ્તવન







મહાકવિ ભારવિ (ઈ.સ.૫૫૦) એ સંસ્કૃતમાં 'કિરાતાર્જુનીયમ' મહાકાવ્યની રચના કરી છે. તેમાં ૧૮ સર્ગમાં ૧૦૪૦ શ્લોકો છે. કિરાતના વેશમાં રહેતા શઈવજી અને અર્જુનની કથા આમાં છે. મહાભારતના વન પર્વને આધારે આની રચના થઈ છે. અર્જુન ભગવાન શંકરનું તપ કરતો હતો. શિવે એની પરીક્ષા લીધી, એમાં એ પાર ઊતર્યો. એ કિરાતનું સ્વરુપ છોડીને અસલ સ્વરુપમાં પ્રગટ થયા. એટલે અર્જુને એમની સ્તુતિ (૧૮/૨૨-૪૩) આ રીતે કરી :

હે શિવ! આપ અતિ દયાળુ છો. જે કોઈ આપને શરણે આવે છે એને અભય આપો છો. એ પોતે જ પોતાનું રક્ષણ કરવા સમર્થ બને છે. (૨૨)

હે ઈશ્વર! જે કોઈ આપને પ્રણામ કરે એને વિનાશ કરનારી આપત્તિ ન આવે અને એને ઈચ્છેલું મલી જાય; લોકમાં પણ આદર પામે (૨૩)

પ્રણામ કરનારને આપ જે રીતે ફળ આપો છો; એ આપની કરૂણાની પ્રતીતિ કરાવે છે. (૨૪)

આપ જ તીર્ત છો. આ તીર્થ સંસારયાત્રા પાર કરાવે છે, આ માટે કયાંક દૂર યાત્રાએ જવાનું નથી (૨૫)

હે વરદાન આપનાર! આપના માટે કોઈ રાગ રાખે કે દ્વેષ, આપનો કોઈ ભક્ત હોય કે અભક્ત - બધા માટે આપ એકસરખા છો (૨૬)

તેમ છતાં હે શિવ! આપ પ્રણામ કરનારને અનુકૂળ છો. આપનો આ સ્વભાવ છે. આપ ખરા અર્થમાં કલ્યાણકારી છો. (૨૭)

આપ જ પામવા લાયક છો. વિચારશીલ ભક્ત આપને સારી રીતે જાણી લે. એ મોક્ષને પામે છે (૨૮)

આપનો મહિમા અચિન્ત્ય છે. આપને શરણે આવે, એનાં કર્મબંધનો આપ છેદી નાખો છો. (૨૯)

હે દયાળું! આપ તો માયાને પાર કરી ગયા છો. પરંતુ કોઈને દુર્ગતિમાંથી તારવો હોય તો એને અનુરુપ માયા ધારણ કરી લો છો (૩૦)

આપ જગત માટે વંદનીય છો, પણ પ્રાતઃકાળે બ્રહ્માને પ્રણામ કરો છો (૩૧)

હે દેવ! રુંવાટીવાળું ગજ ચર્મ આપ ધારણ કરો છો, તો સાથે ચંદ્રની કળા પણ આપને શોભે છે (૩૨)

માફ આપનામાં જ બે વિરોધી વસ્તુઓ સાથે રહીને સુંદરતા પ્રગટ કરે છે (૩૩)

હે દેવ! સર્વલોકમાં અદ્વિતીય! તમે નથી ઉપમેય નથી, નથી ઉપમાન.

હે દેવ! તમે સ્થાવર અને જંગમના વિનાશક કહેવાવ છો, પણ તમારાથી જગત શ્વાસ લે છે. (૩૫)

હે શિવ! જે કોઈને જે કાંઈ મળે છે, એ તમારા પ્રણામને કારણે છે (૩૬)

હે શિવ! પવનનાં સ્વરુપે રહેલા આપને પ્રણામ (૩૭)

અનેક શિખાઓ વાળા અગ્નિના સ્વરુપમાં આપને પ્રણામ (૩૮)

હે શિવ! જીવન આપનારા જળના સ્વરુપમાં આપને પ્રણામ (૩૯)

હે વિભુ! અનાદિકાળીથી રહેલા આકાશરુપ આપને પ્રણામ (૪૦)

મન અને વાણીના અધ્યક્ષ એવા આપને વારંવાર પ્રણામ (૪૧)

હે જ્ઞાનેશ! અજાણ પણે મેં કરેલા વિરોધને સહી લેજો (૪૨)

હે ધર્મપ્રેમી! ધર્મપુત્ર યુધિષ્ઠિરના શત્રુ ઉપર મને વિજય મળી શકે એ માટે અસ્ત્ર અને સમર્થતા આપશો (૪૩)

ભગવાન શંકરે અર્જુનને પાશુપત અસ્ત્ર સાથેનો ધનુર્વેદ આપ્યો, આદર સાથે આશ્વાસન આપ્યું. અર્જુનને નિમિત્તે ભારવિનો ભક્તિભાવ પ્રગટ થયો છે.